## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ભલે તમે તમારી સોસાયટીની ચોકી કરો પણ ચોરને મારશો નહીં... સિવિલમાં એક્સ-રે મશીન હમણાં બગડેલા હોય છે...

# શહેરમાં દબાણ તંત્રએ લારી-ગલ્લા હટાવતા ટેબલોએ સ્થાન લીધું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં એક સાથે ૬ તંત્રની ટીમે સતત ત્રણ દિવસ દબાણની કામગીરી કરતા દબાણનો સફાયો થઈ ગયો છે. શહેરના માર્ગો તેમજ આંતરીક માર્ગો પરથી લારી-ગલ્લા ઝપ્ત કરી લેતા દબાણકારોમાં ભય વ્યાપી જવા પામ્યો છે. ત્યારે શહેરના વેપારીઓ પાસે લારી-ગલ્લા ના રહેતા કેટલાક વેપારીઓએ ટેબલ પર પોતાનો વેપાર-ધંધો શરુ કરી દીધો છે. તો બીજી તરફ મુખ્ય માર્ગો પરથી હટેલા દબાણ સેકટરોમાં અંદરની સાઈડ ગોઠવાઈ ગયા છે. હાલના સમયે શહેરમાં દબાણના સપાટાને પગલે લારી-ગલ્લા અદ્રશ્ય થઈ જવા પામ્યા છે.

ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર લારી-ગલ્લા તેમજ ઝુંપડા ધારકોએ દબાણ કરી દીધું હતું. શહેરને દબાણે અજગરી ભરડો લીધો હતો. શહેરમાંથી દબાણ હટવાનું નામ જ લેતું ન હતું. દિવસે ના હોય તેટલી લારીઓ દિવસે ઉભી થઈ જતી હતી. દબાણને પગલે શહેરમાં પાર્કીંગ તેમજ અન્ય સમસ્યાઓ પણ વધી ગઈ હતી. જેથી શહેરના ૬ વહીવટી તંત્ર એ મળીને એક સાથે ૩ દિવસ દબાણનો સપાટો બોલાવતા નગરના ખુંણે ખાંચરે ઉભી રહેતી વિવિધ ચા-નાસ્તાની તેમજ ખાણીપીણીની ૪૦૦ થી વધુ લારીઓ ઝપ્ત કરી લીધી છે. દબાણની કામગીરીને પગલે વેપારીઓમાં ભય ફેલાયો છે. લારીઓ જમા થઈ જતા ના છુટકે વેપારીઓએ ટેબલ પર પોતાનો વેપાર-રોજગાર શરુ કરી દીધો છે. જયારે ચા-નાસ્તા, કે પાન,બીડી, સીગરેટ કે ગુટખા ખાવા માટે નગરજનોને દુર દુકાન સુધી જવું પડે છે. શહેરમાં ચા-નાસ્તાની લારીઓ ના રહેતા ખાણી-પીણી બજાર તેમજ હોટલ-રેસ્ટોરન્ટના વેપારીઓને ત્યાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. નગરના મુખ્ય માર્ગો પરથી હટેલા દબાણકારોએ સેકટરના અંદરના ભાગે અડીંગો જમાવી દીધો છે. ત્યારે અગામી સમયમાં પણ દબાણની ટીમ કાર્યરત થતા કેટલાક રહી ગયેલા દબાણકારો ઝપટે આવી શકે છે.

# ગાંધીનગર મેડીકલ કોલેજની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૨ થી મેડીકલ કોલેજનો પ્રારંભ થયો છે. જેમાં તબીબી અભ્યાસક્રમ પૂર્ણ કરીને એમબીબીએસની પ્રથમ બેચ પણ ગત્ વર્ષે બહાર પડી છે. ત્યારે હવે સાતમી બેચ માટે અત્યારે હાલના સમયે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. જેને અનુલક્ષી પ્રથમ એનઆરઆઈ કવોટાના એડમીશન કરવામાં આવ્યા હતા. ઘણા વિદ્યાર્થીઓએ આ કવોટામાં પ્રવેશ મેળવી પણ લીધો છે. ત્યારે આ વખતે એનઆરઆઈ જ નહીં પરંતુ મેનેજમેન્ટ ક્વોટાની ફીમાં પણ તોંતિગ વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત હસ્તકની ગાંધીનગર સિવિલ સ્થિત મેડિકલ કોલેજમાંથી ડોકટર્સની પ્રથમ બેચ ગત વર્ષ બહાર પડી હતી. ત્યારબાદ આ વખતે એટલે કે મેડિકલ કોલેજની સાતમી બેચ માટે તંત્ર દ્વારા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રથમ સરકારી કોલેજોમાં પ્રવેશ પૂર્ણ થયા બાદ જીએમઈઆરએસ સંચાલિત મેડીકલ કોલેજ અને ખાનગી મેડિકલ કોલેજ માટે પ્રવેશ કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલ એનઆરઆઈ ક્વોટા અંતર્ગત ગાંધીનગર મેડીકલ કોલેજમાં ઘણા વિદ્યાર્થીઓએ એડમિશન લીધા છે.

એટલુ જ નહી, એડમીશન લેનાર ઘણા વિદ્યાર્થીઓ અને લાવીઓએ આજે કોલેજ અને હોસ્ટેલની મુલાકાત લીધી હતી. ત્યારે એનઆરઆઈ કવોટામાં એડમીશન બાકી રહી જશે તો મેનેજમેન્ટ ક્વોટામાં પણ એડમીશન આપવામાં આવશે તેમ સુત્રોમાંથી માહિતી મળી રહી છે. ત્યારે એનઆરઆઈ ક્વોટામાં ૧૭ હજાર ડોલર પ્રતિવર્ષ ફી હતી. જેમાં ત્રણ હજાર ડોલરનો વધારો કરીને ૨૦ હાજર ડોલર ફી કરવામાં આવી છે. આવી જ રીતે મેનેજમેન્ટ ક્વોટાની ફીમાં પણ તોંતિગ વધારો ઝીંકી દેવાયો છે. ગાંધીનગરમાં ૧૫૦ બેઠક ધરાવતી મેડીકલ કોલેજ છે. જયારે ગાંધીનગર મેડીકલ કોલેજમાં એડમીશન મેળવવા માટે પણ પડાપડી થઈ રહી હોય છે.



ગાંધીનગર જિલ્લામાં આજે વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે નારદીપુર ડભોડા ખાતે રેલીઓનુ આયોજન કરાયુ હતુ. ડભોડા ખાતે આજે યોજાયેલ રેલીમાં અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ, જિલ્લા પંચાયતના સદસ્ય દિનેશજી ઠાકોર સહિત કર્મચારીઓ અને ગામના સામાજિક, રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા તેની તસવીર.

# ગાંધીનગરના તબીબ પ્રાધ્યાપકની વાર્તાઓએ ઈન્ટરનેટ પર મચાવી ધૂમ

## જીએમઈઆરએસ મેડીકલ કોલેજના ડો. નિલેષ ઠાકોર લિખિત સંવેદનાત્મક વાર્તાઓના એક લાખ વાચકો : ડો. ઠાકોરનું અગાઉ એક પુસ્તક પ્રકાશિત થઈ ચુક્યુ છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની મેડીકલ કોલેજમાં આસીસ્ટન્ટ પ્રોફેસરની સેવાઓ આપી રહેલા તબીબ દ્વારા લખવામાં આવેલ સંવેદનાત્મક વાર્તાઓને ઈન્ટરનેટ પર ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યોં છે. ડૉ. નિલેષ ઠાકોરની વાર્તાઓ બે વિવિધ વેબસાઈટ પર પ્રકાશિત થઈ છે જેને અત્યાર સુધીમાં એક લાખ વાચકો વાંચી ચુક્યાં છે.

ગાંધીનગરમાં જીએમઈઆરએસ સોસાયટી અંતર્ગત સિવિલ કેમ્પસ સ્થિત મેડિકલ કોલેજમાં કોમ્યુનિટી મેડીસીન વિભાગમાં આસીસ્ટન્ટ પ્રાધ્યાપકની સેવાઓ આપતા ડૉ. નિલેષ ઠાકોર તબીબ હોવા સાથે એક અચ્છા લેખક પણ છે. ડૉ. ઠાકોર લિખિત વાર્તાઓનું એક પુસ્તક ‘સંવેદનાનું આલેખન’ નવેમ્બર-૨૦૧૫માં પ્રકાશિત થઈ ચુકયુ છે જેને વાચકોએ ખૂબ જ વખાણ્યું છે. હાલ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવનાર ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાન અંતર્ગત વિશ્વ આરોગ્ય સંસ્થા ડબલ્યુએચઓમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રસીકરણ અસરકારક રીતે થાય તે માટે આગામી ચાર મહિના જેમને જવાબદારી સોંપવામાં આવી છે તેવા ડૉ. નિલેષ ઠાકોરની લાગણીસભર સંવેદનાત્મક વાર્તાઓ ઈન્ટરનેટ પર પ્રતિલીપી ડૉટ કોમ અને જેન્તિલાલ ડૉટ કોમ પર પ્રકાશિત થઈ રહીછે. આ વાર્તાઓ વાચકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. જેના કારણે તેમના વાચકોની સંખ્યા એક લાખ સુધી પહોંચી જવા પામી છે. માત્ર ૩૩ વર્ષીય યુવા તબીબ ડૉ. ઠાકોર મૂળ પાટણ જિલ્લાના મીઠીધારિયલના વતની છે અને હાલ ગાંધીનગર પાસેના રાંધેજા ખાતે વસવાટ કરી રહ્યાં છે. તેમણે એમબીબીએસ પુરૂ કર્યા પછી કોમ્યુનિટી મેડીસીન વિષયે એમ.ડી. કર્યુ છે અને ગાંધીનગર મેડીકલ કોલેજમાં આવ્યાં તે અગાઉ તેઓ પાટણ ખાતેની મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા હતા. આ દરમ્યાન તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા લખવાનું ચાલુ કર્યુ હતુ જેમાંથી તેઓ પોતાના અનુભવ આધારિત લાગણીસભર સંવેદનાત્મક વાર્તાઓ લખતા થઈ ગયા છે. ‘નીલ’નું હુલામણું નામ ધરાવતા ડૉ. નિલેષ ઠાકોરે અત્યાર સુધીમાં આશરે ૩૬ જેટલી વાર્તાઓ લખી છે. જે મોટે ભાગે તેમની તબીબી પ્રેકટીશ દરમ્યાન થયેલા સંવેદનાત્મક અનુભવો અને તેની સાથે લાગણીસભર કલ્પના જોડીને લખાયેલી છે.



‘‘પાટણ કોલેજમાં હું વિદ્યાર્થીઓની સર્જાનાત્મકતા બહાર લાવવા માટે ‘ઈમોશન્સ, ક્રિએટિવીટી એન્ડ ગ્લોરી’ નામથી પ્રોત્સાહન મેગેઝીન નિયમિતપણે નોટીસ બોર્ડ પર પ્રકાશિત કરતો હતો. આ મેગેઝીનનું નિયમિત પણુ જળવાઈ રહે અને વિદ્યાર્થીઓ પણ લખવા પ્રોત્સાહિત થાય તે માટે હું દર વખતે કંઈક અચૂક લખતો જેમાંથી મારી વાર્તાઓ વિદ્યાર્થીઓને પસંદ આવતી હતી. આ કારણે મારા અનુભવો આધારિત વાર્તાઓ લખવાનું ચાલુ થયુ છે.’’

- ડો. નિલેષ ઠાકોર

### પ્રતિલીપી પર વાર્તાની સ્પર્ધા પણ જીતી

ડૉ. નિલેષ ઠાકોર લિખિત વાર્તાઓ પ્રતિલીપી ડૉટ કોમ અને જેન્તિલાલ ડૉટ કોમ નામની વેબસાઈટ પર પ્રકાશિત થઈ રહી છે. અત્યારે નવી પેઢીના વાચકો ઈન્ટરનેટનો ભરપુર ઉપયોગ કરે છે અને ડૉ. ઠાકોરની આ વાર્તાઓને સારો એવો યુવા વાચક વર્ગ પ્રાપ્ત થઈ રહ્યોં છે. તેમની એક વાર્તા ‘વિયોગ-સંયોગ’ પ્રતિલીપી ડૉટ કોમ વેબસાઈટ પર યોજાયેલ વાર્તાની સ્પર્ધામાં વિજેતા બની ચુકી છે.

# જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે સંચારી રોગો અંગે સમીક્ષા બેઠક

## ધારીસણા-આરસોડિયાની સ્થિતિ અંગે બેઠકમાં ચર્ચાઓ થશે

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લામાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ વચ્ચે આજે સંચારી રોગો અંગે જિલ્લા કલેક્ટર લાંગાના અધ્યક્ષપદે મહત્વની બેઠક મળશે. ગ્રામીણ વિસ્તારોમાં પાણીના ક્લોરીનેશન અંગે અગાઉ આ સમિતિની બેઠક મુલ્તવી તત્કાલીન ડી.ડી.ઓ. દેવાંગ દેસાઈએ કર્યો હતો. તે મુદ્દાને લઈ આજની બેઠકમાં ચર્ચાઓ થવાની સંભાવનાઓ છે.

જિલ્લામાં છેલ્લા એક જ માસમાં આરસોડિયામાં ૨૦થી વધુ કમળાના કેસ નોંધાયા હતા તો દહેગામના ધારીસણામાં ૮૦થી વધુ કેસ ઝાડા-ઉલ્ટીના બન્યા છે. ત્યારે આજની આ બેઠક મહત્વની બની રહેશે. જિલ્લામાં પાણીજન્ય રોગચાળો તેમજ વાહકજન્ય રોગચાળાની સ્થિતિ અંગે સમીક્ષા થશે.

આજે જિલ્લા કલેક્ટરે આરોગ્ય સંકલન સમિતિની પણ બેઠક રાખી છે. જિલ્લામાં આરોગ્ય સેવાઓને ગુણવત્તાસભર બનાવવા પર ભાર મુકવામાં આવશે. આ ઉપરાંત વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે પણ સમીક્ષા થશે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે સોમવારથી આરંભાઈ રહેલ મિઝલ્સ-રૂબેલા રસીકરણ અભિયાન અંગે પણ બેઠકમાં ચર્ચાઓ અને સમીક્ષા થશે તેમ જાણવા મળેલ છે.

# રાજ્યમાં યહૂદી સમુદાયને ધાર્મિક લઘુમતીનો દરજ્જો અપાયો

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં વસવાટ કરતા યહૂદી સમુદાયના લોકોને રાજ્ય સરકાર દ્વારા ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપવામાં આવ્યો છે. રાજ્યમાં હાલમાં મુસ્લિમ, ખ્રિસ્તી, શિખ, બુદ્ધ, પારસી અને જૈન સમુદાયના લોકોનો ધાર્મિક લઘુમતીમાં સમાવેશ થાય છે, તેમ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની યાદીમાં જણાવાયું છે.

ઉપરાંત ભારતના બંધારણ તેમજ રાજ્ય સરકારના વિવિધ કાયદા અને નિયમો અંતર્ગત અમલી લઘુમતી સમુદાય માટેની કલ્યાણકારી યોજનાઓના લાભ જે અન્ય લઘુમતીના લોકોને આપવામાં આવે છે તે તમામ લાભ હવેથી ગુજરાતમાં વસવાટ કરતા યહૂદી ધર્મના લોકોને આપવામાં આવશે. આ ઉપરાંત નિયમ પ્રમાણે સક્ષમ સત્તાધિકારી દ્વારા ધાર્મિક લઘુમતીનો દરજ્જો ધરાવતું પ્રમાણપત્ર પણ સંબંધિતોને આપવામાં આવશે, તેમ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક સચિવની યાદીમાં જણાવાયું છે.

## ફી નિયમન અંગે શાળા સંચાલકોને નામદાર સુપ્રિમ કોર્ટનો સ્પષ્ટ આદેશ

# જે શાળાઓએ એફ.આર.સી. સમક્ષ દરખાસ્ત કરી નથી તે શાળાઓ સત્વરે તેમની દરખાસ્ત એફ.આર.સી. સમક્ષ કરે

ગાંધીનગર, તા. ૧૧

રાજયની સ્વનિર્ભર શાળાઓમાં ફી નિયમન અંગે નામદાર સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલા કેસ સંદર્ભે આજે નામદાર સુપ્રિમ કોર્ટે મહત્વનો વચગાળાનો આદેશ કરીને જે શાળાઓએ એફ.આર.સી. સમક્ષ દરખાસ્ત કરી નથી તેવી શાળાઓને સત્વરે એફ.આર.સી.સમક્ષ દરખાસ્ત કરવાની સ્પષ્ટ સૂચના આપી છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે નામદાર સુપ્રિમ કોર્ટના વચગાળાના આ આદેશની વિગતો આપતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯માં જે શાળાઓએ એફ.આર.સી. સમક્ષ દરખાસ્ત કરેલ નથી તેવી ૧૮૦૦ થી વધુ શાળાઓએ સત્વરે એફ.આર.સી. સમક્ષ દરખાસ્ત કરવાની રહેશે. જે શાળાઓ એફ.આર.સી. સમક્ષ પોતાની શાળાની ફી અંગે નિયમાનુસાર દરખાસ્ત નહીં કરે તે તમામ શાળાઓ સામે રાજય સરકાર નામદાર સુપ્રિમ કોર્ટના આ વચગાળાના આદેશ મુજબ કાયદામાં સુસંગત કાનૂની કાર્યવાહી કરી શકશે.

શૈક્ષણિક ફી સિવાયની કઈ કઈ બાબતો વૈકલ્પિક ફી તરીકે ગણવી તે અંગે રાજય સરકાર એક અઠવાડિયામાં પીટીશનર સ્કૂલના સંચાલકોને જાણ કરશે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, જે તે શાળાઓમાં શિક્ષણ ફી ઉપરાંત વધારાની કોઈ પણ બાબતો માટે લેવાતી શિક્ષણ ફી ઉપરાંત વધારાની ફી વસૂલવા શાળા સંચાલકો વાલીઓને ફરજ પાડી નહીં શકે. શૈક્ષણિક ફી સિવાયની કઈ કઈ બાબતોને વૈકલ્પિક ફી તરીકે ગણવી તે અંગે રાજય સરકાર વિસ્તૃત અભ્યાસ કરી એક અઠવાડિયામાં પીટીશનર સ્કૂલના સંચાલકોને જાણ કરશે, તેમ ચુડાસમાએ જણાવ્યું હતું.

# સ્ટ્રીટલાઈટ ફરિયાદ માટેનો ટોલ ફ્રી નંબર ચાલુ કરવા પ્રવિણાબેનની રજુઆત

ગાંધીનગર, તા.૧૧

જાહેર બગીચાઓમાં એલ.ઈ.ડી. લાઈટ નાંખવા માટે મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રીમતી પ્રવિણાબેન વોરાએ સરકારમાં રજુઆત કરેલ છે. વાઈબ્રન્ટ સમયે ગાંધીનગરમાં સ્ટ્રીટલાઈટમાં એલ.ઈ.ડી.માં તબદીલ કરેલ છે. જેનાથી નિભાવણી અને વીજબીલમાં મોટી બચત થયેલ છે. તો સેકટર-૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટી ટાઉનશીપના બગીચાઓમાં એલ.ઈ.ડી. બલ્બ તબદીલ કરવાની તેમણે માંગણી કરેલ છે તેમજ સ્ટ્રીટલાઈટ ફરિયાદ માટે ટોલ ફ્રી નંબરની સુવિધા હતી તે બંધ છે તો સત્વરે તેને ચાલુ કરવા પણ તેમણે રજુઆત કરેલ છે.



રથયાત્રાનો પ્રસાદ : રથયાત્રાનું કાઉન-ડાઉન શરૂ થઈ ગયું છે. શહેરમાં શનિવારે યોજાનાર ભગવાન જગન્નાથજીની રથયાત્રાના દર્શનાર્થીઓને વહેંચવામાં આવનાર પ્રસાદ રૂપે મગની સફાઈનું કામ પૂરજોશમાં પંચદેવ મંદિર ખાતે ચાલી રહ્યું છે. શહેરની ભાવિક મહિલાઓ છેલ્લા ત્રણ દિવસથી મગની સફાઈ કરી રહી છે.

# ગુજરાતમાં આગામી ૫ દિવસ ભારે વરસાદ પડે તેવા એંધાણ

ગુજરાતમાં આગામી પાંચ દિવસ દરમિયાન અતિભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. જેથી તંત્ર દ્વારા પણ સાવચેતીના તમામ પગલા પહેલાથી જ લેવામાં આવી ચુક્યા છે. આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને વલસાડ, નવસારી, ડાંગ, પંચમહાલ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

# આજે ભાજપની પ્રદેશ બેઠકમાં જુદા જુદા પાસાઓ પર ચર્ચા કરાશે

ગાંધીનગર,તા.૧૧

પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આવતીકાલે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે જુદી જુદી બેઠકોમાં આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યાક્ષ અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક રાખવામાં આવેલ છે. જે બપોરે ૨.૦૦ કલાકે શરૂ થશે અને સાંજે ૪.૦૦ કલાકે પૂર્ણ થશે.

આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ કોર ટીમના સભ્યઓ, પ્રદેશ હોદ્દેદારઓ, મોરચાના પ્રદેશ પ્રમુખઓ તેમજ જીલ્લા-મહાનગરના પ્રભારી-પ્રમુખ-મહામંત્રીઓ ઉપસ્થિત રહેશે. ઉપરાંત, પ્રદેશ બેઠક બાદ સાંજે ૪.૦૦ કલાકથી પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં ભાજપાના તમામ મોરચાના પ્રદેશ હોદ્દેદારઓની બેઠક રાખવામાં આવી છે.

ઉપરોક્ત બેઠકોમાં જીલ્લા-મહાનગર તથા મંડલ સ્તર સુધી ભાજપા દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલ કાર્યક્રમોનું રિપોર્ટીંગ, કેન્દ્ર સરકારના પૂર્ણ થયેલ ૪ વર્ષ નિમિત્તે થયેલ વિવિધ કાર્યક્રમો, વિશેષ સંપર્ક અભિયાન, યોગ દિવસ, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ તથા કટોકટીના કાળા દિવસ નિમિત્તે કરવામાં આવેલ કાર્યક્રમોની સમીક્ષા-ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં વિવિધ આગામી કાર્યક્રમો જેમ કે, સુજલામ સુફલામ જળ અભિયાન દરમ્યાન ઉંડા કરેલ તળાવો અને ચેકડેમોના સ્થળો પર જળ પૂજનના કાર્યક્રમો, વૃક્ષારોપણ તેમજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે કરવાના કાર્યક્રમો બાબતે પણ આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આગામી લોકસભા-૨૦૧૯ ચૂંટણીના સંદર્ભમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન તેમજ સંગઠનાત્મક બાબતો વિશે માર્ગદર્શન આપવામાં આવશે.




ગાંધીનગર તાલુકાના રૂપાલ સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઉપક્રમે વિશ્વ વસ્તી દિનની ઉજવણીના ભાગરૂપે વાસન પ્રાથમિક શાળામાં બાળકો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રૂપાલ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વસ્તી વિષયક શિબિર અને કોપર ટી કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૮ લાભાર્થીઓને કોપર ટી મુકવામાં આવી હતી. શિબિરમાં કુટુંબ કલ્યાણની કાયમી તથા બિન કાયમી પદ્ધતિ તેમજ પુરુષ નસબંધી અંગે વિસ્તૃત વસ્તી શિક્ષણ પુરૂ પાડ્યુ હતુ. આ કાર્યક્રમમાં મેડીકલ ઓફિસર આયુષ, મેડીકલ ઓફિસર તેમજ મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર કર્મચારી દ્વારા વસ્તી વિષયક તથા આરોગ્ય શિક્ષણ પુરૂ પાડ્યુ હતુ.

# માણસા ખાતે શ્રીમદ ભાગવત અમૃતધારા જ્ઞાનયજ્ઞ યોજાશે

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદી માં નો વડલો (વાન પ્રસ્થાશ્રમ) દ્વારા પિતૃમોક્ષાર્થે શ્રીમદ ભાગવત અમૃતધારા જ્ઞાનયજ્ઞનું આયોજન માં પાલઈ વિધ્નેશ્વરી ધામ આનંદી માં નો વડલો મકાખાડ રોડ માણસા ખાતે તા. ૨૪-૧૧-૧૮ ના રોજથી પ્રારંભ થશે અને તા.૩૧-૧૧-૧૮ ના રોજ શુક્રવારે કથા વિરામ પામશે. સવારે ૯ થી બપોરે ૧.૪૫ દરમિયાન કથા યોજાશે. કથાના મુખ્ય યજમાન તરીકે પૂ.કાન્તિલાલ મહાશંકર વ્યાસ પરિવાર માણસા છે. જયારે કથાના આચાર્ય શ્રી નિકુંજ મહારાજ પૂરાણાચાર્ય (સતનો દરબાર ભાદરવા ગુરુ આશ્રમ) ઉપસ્થિત રહેશે. કથામાં માતર ૧૫૧ રૂપીયા અર્પણ કરી કથામાં સહયજમાન બની સમગ્ર કથાનું પુણ્ય પ્રાપ્ત કરી શકો છે. હિન્દુ પરંપરા અનુસાર પિતૃઓના સ્મર્ણાર્થે ભાગવત કથાના યજમાન બનવા માત્રથી જ પિતૃઓને શાંતિ તેમજ મોક્ષપ્રાપ્તિ થાય છે. સૌ માટે પિતૃઓનું ઋણ અદા કરવાનો આ એક અનોખો અમુલ્ય અવસર છે. જીવનમાં એકવારની ભાગવત કથા સમગ્ર જીવનને તથા ભાવિ પેઢીને સુખ,શાંતિ અને તથા સમૃધ્ધીથી ભરી દે છે. આ સમગ્ર કથાનો ઉદેશ વિશ્વના તમામ જીવોના પિતૃઓના મોક્ષાર્થે તથા આનંદી માં ના વડલાને બીજુ વિરપુર ધામ (અખંડ અન્નક્ષેત્ર)બનાવવાનો છે. વહેલા તે પહેલાના ધોરણે ૧૦૦૮ યજમાનો માટેની નોંધણીની છેલ્લા તા.૩૧ જુલાઈ છે.



રક્તદાન મહાદાન

આત્મા ડાયરેક્ટરેટ એન્ડ સમેતિ
પી-૭, ‘એમ’ ફ્લોર, કૃષિભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩
ATMA GUJARAT

કેટરીંગનો વાર્ષિક ઈજારો

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન આ કચેરીના તાલીમ વર્ગો માટે સવારે ચા/કોફી - નાસ્તો, બપોરનું ભોજન, બપોરની ચા / કોફી તથા સાંજના ભોજન માટે કેટરીંગનો ઓછામાં ઓછો બે કે તેથી વધુ વર્ષનો અનુભવ ધરાવતી પાર્ટીએ જેનું વાર્ષિક ટર્નઓવર ઓછામાં ઓછું રૂ. ૧.૫૦ લાખ હોય તેમણે અત્રેની કચેરીએથી રૂબરૂમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૩૧/૭/૨૦૧૮ સુધીમાં મેળવી તા. ૧/૮/૨૦૧૮ના ૧૭.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

માહિતી/૯૩૨/૧૮-૧૯
નિયામક, સમેતિ, ગાંધીનગર